ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# ક્લાર્કની પરીક્ષાના ઉમેદવારોનો હલ્લાબોલ

## સેક્ટર-૬ સત્યાગ્રહ છાવણી પાસે પરીક્ષાર્થીઓ પર લાઠીચાર્જ : અસંખ્ય યુવાનોની ધરપકડ કરાઈ








અહેવાલ : નિકેશ બ્રહ્મભટ્ટ ● તસવીર : શૈલેન્દ્રસિંહ સોલંકી



ગાંધીનગર, તા.૪

બિન સચિવાલયની પરિક્ષામાં ગેરરિતી થવાની ફરીયાદ સાથે હજ્જારો ઉમેદવારો પરિક્ષા રદ કરવાના મુદ્દે આજે સવારથી જ સત્યાગ્રહ છાવણી ખાતે મોટીસંખ્યામાં ઉમટી પડ્યા હતા. વિવિધ શહેરોમાંથી એક સાથે ૩૦૦૦ હજારથી વધુ ઉમેદવારો અચાનક આવી પહોંચ્યા હતા. પોલીસે સત્યાગ્રહ છાવણી ખાતે લોખંડી બંદોબસ્ત ગોઠવી દીધો હતો. જેમ જેમ ઉમેદવારો એકઠા થતા ગયા તેમ તેમ પોલીસે અટકાયત કરવાની શરુઆત કરી હતી. જેને પગલે ઉમેદવારો અને પોલીસ વચ્ચે ઘ-૨, સત્યાગ્રહ છાવણી, ઘ-૩, સિવિલ કેમ્પસ, સેન્ટ્રવિસ્ટા ગાર્ડન, ઘ અને ગ માર્ગ પર સવારથી સાંજ સુધી દોડપકડની રમત ચાલતી હોય તેમ લાગી રહ્યું હતું. ત્યારે ક્યાંક ને ક્યાંક ઉમેદવારોને કાબુમાં કરવા માટે પોલીસે હળવો લાઠીચાર્જ કર્યો હોવાનું પણ ઉમેદવારો કહી રહ્યા હતા. બનાવને પગલે ગાંધીનગર રેન્જ આઈજી મયંકસિંહ ચાવડા અને ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા આવી પહોચ્યા હતા અને એક તબક્કે ઉમેદવારોને સમજાવ્યા હતા. પરંતુ ઉમેદવારો માત્ર ને માત્ર સરકાર પરિક્ષા રદ કરે તેમ કહી સુત્રોચ્ચાર કરતા જ પોલીસે પરિક્ષાર્થીઓની અટકાયત શરુ કરી હતી. પોલીસની ગાડીઓ ઓછી પડતા ખાનગી યોગી ટ્રાવેલ્સની બસમાં ઉમેદવારોને લઈ ગયા હતા. પ્રદર્શનકારી ઉમેદવારોએને ખદેડવા પોલીસે લાલઆંખ કરતા ઉમેદવારો સેક્ટર-૬ અને ૭ના રહેણાંક વિસ્તારોમાં જતા રહ્યા હતા.

પોલીસે ગાંધીનગરના ધારાસભ્ય સી. જે. ચાવડા, પાટણના ધારાસભ્ય કિરીટ પટેલ અને થરાદના ધારાસભ્ય ગુલાબસિંહ રાજપૂત, ગાંધીનગર મનપાના કોર્પોરેટર અંકિત બારોટ, ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈ પ્રમુખ અમિત પારેખ,સહિત ૮૦૦ જેટલા ઉમેદવારોની અટકાયત કરીને ગાંધીનગર એસપી કચેરી ખાતે લઈ ગયા હતા. તો બીજીતરફ ઉમેદવારોને ક્યાં રાખવા તેની પણ મુંજવણ ઉભી થવા પામી હતી. જયારે પોલીસે છેલ્લા કેટલાક ઉમેદવારોની અટકાયત કરીને ૧૦ કિલોમીટર દુર મુકી આવી હતી. પરંતુ ગાંધીનગરની પરિચિત તેઓ પરત આવી ગયા હતા. જયારે મોડી સાંજે શહેરના ઘ-૪ વિસ્તારમાં ફરીવાર હજ્જારોની સંખ્યામાં ઉમેદવારો એકઠા થયા હતા. સવારથી મોડી સાંજ સુધી ઉમેદવારો પરિક્ષા રદ કરવાના નિર્ણય સાથે અડગ રહ્યા છે. જયારે ૧૨ જેટલા સમય ચાલેલા પોલીસ અને ઉમેદવારોની દોડપકડની રમતમાં પોલીસે પણ રાહતનો શ્વાસ લીધો ન હતો. ત્યારે ઉમેદવારો એકઠા થઈને આગળની રણનિતી નક્કી કરી હતી.

## ત્રણ ઉમેદવારોની તબિયત લથડતા સિવિલમાં સારવાર માટે ખસેડાયા

ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતેથી ૮૦૦ થી વધુ ઉમેદવારોની અટકાયત કરીને એસપી કચેરી ખાતે લઈ જવાયા હતા. જેમાં ત્રણ ઉમેદવારોની તબિયત લથડતા તેઓને ૧૦૮ મારફતે એમ્બ્યુલન્સ દ્વારા સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા જયા ઉમેદવારોને સારવાર આપવામાં આવી હતી.

## યુવાનોની લડાઈ સાચી છે અને તેમની સાથે છીએ : પાસ નેતા

આજે ગાંધીનગર ખાતે ક્લાર્કની પરીક્ષાના ઉમેદવારોના આંદોલનને સમર્થન આપવા પહોંચેલા પાસના નેતા જયેશ પટેલે જણાવ્યું હતું કે, સંજય રાવલ સન્માનીય છે, પરંતુ તેઓ હાલની ગુજરાતની પરિસ્થિતિ વાકેફ નથી. આ કોઈ મોટીવેશનલ કાર્યક્રમ નથી પરંતુ લાખો બેરોજગાર યુવાનોના ભવિષ્યનો સવાલ છે. સંજય રાવલ ખાત્રી કરી લે કે સરકાર અને પોલીસ તંત્ર કોઈ પણ આંદોલનાત્મક કાર્યક્રમને મંજુરી આપતા નથી. પોલીસે યુવાનો પર કરેલો લાઠીચાર્જ શરમજનક અને દુર્ભાગ્યપૂર્ણ છે. પોલીસ સરકારના ઈશારે કામ કરવાનું બંધ કરી દે યુવાનોની લડાઈ સાચી છે અને આ લડતમાં અમે તેમની સાથે છીએ.

**શહેરની સત્યાગ્રહ છાવણી સહિતના સ્થળે ૩૦૦૦ થી વધુ ઉમેદવારો ઉમટી પડ્યા : કોંગ્રેસના ૩ ધારાસભ્યો સહિત ૮૦૦ થી વધુ ઉમેદવારોની અટકાયત : સેક્ટરોમાં પોલીસ અને ઉમેદવારો વચ્ચે સંતાકુકડીની રમત રમાઈ : ગાંધીનગર રેન્જ આઈજી, એસપી પણ ઘટનાની ગંભીરતાને લઈ સત્યાગ્રહ છાવણી ખાતે દોડી આવ્યા હતા : સત્યાગ્રહ છાવણી સહિત ૭૫૦ થી વધુ પોલીસ જવાનો વિવિધ સ્થળે તૈનાત કરાયા હતા : ત્રણ ઉમેદવારોની તબિયત લથડતા ૧૦૮ માં સારવાર માટે ખસેડ્યા : ઉમેદવારો પર પોલીસનો લાઠીચાર્જ દુર્ભાગ્યપૂર્ણ : મેડીકલ વાન અને ફાયર ટીમ પણ સ્ટેન્ડ ટુ હતી : સવારથી શરુ થયેલ ઉમેદવારોનું પ્રદર્શન મોડીસાંજ સુધી યથાવત**

## સીસીટીવી ફુટેજની તપાસ પત્યા પછી બે દિવસમાં નિર્ણય કરાશે :ગૃહરાજય મંત્રી

ગૃહરાજય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલ બિન સચિવાલય કલાર્કની પરિક્ષાનું પેપર રાજયના કોઈપણ ખુણેથી ફુટ્યું નથી. રાજકીય રોટલા શેકવા નીકળેલી કોંગ્રેસ યુવાનોને ગેરમાર્ગે દોરવાનું બંધ કરે. પરિક્ષામાં ગેરરિતી સંદર્ભે મળેલી ફરીયાદો મુજબ પરિક્ષા કેન્દ્રોમાં સીસીટીવી ફુટેજની તપાસ અંતિમ તબક્કામાં છે. જે પૂર્ણ થયા બાદ આગામી બે દિવસમાં આ અંગેનો નિર્ણય રાજય સરકાર કરશે.

## ઉમેદવારો આંદોલનની સાથે સાથે




- ઉમેદવારો સત્યાગ્રહ છાવણી ખાતે સવારે મોટીસંખ્યામાં એકઠા થયા હતા, પરંતુ પોલીસ પરવાનગી ન હોવાથી તેઓને ત્યાં બેસવા દેવામાં આવ્યા ન હતા.
- ઘ-૨થી સત્યાગ્રહ છાવણી ખાતે ઉમેદવારો માર્ગ પર બેસી જતા માર્ગ થોડા સમય માટે બંધ રાખવો પડ્યો હતો.
- પોલીસ અંગ્રેજ શાસનની યાદ અપાવી રહી છે : સી.જે.ચાવડા
- પોલીસ અને ઉમેદવારોની દોડપકડને પગલે સ્થાનિક વેપારીઓએ દુકાનના શટર બંધ કરી દીધા હતા.
- ઉમેદવારો સેકટરોમાં ઘુસી જતા રહેતા પોલીસ પણ સેકટરોમાં દોડતી નજરે પડી હતી.
- સત્યાગ્રહ છાવણી સહિતના સ્થળ પર ૭૫૦ થી વધુ પોલીસ જવાનો તૈનાત કરાયા હતા.
- ઉમેદવારોના વિરોધને જોઈ રેન્જ આઈજી અને જિલ્લા પોલીસ વડા સત્યાગ્રહ છાવણી ખાતે દોડી આવ્યા હતા અને ત્રણ કલાક જેટલો સમય ત્યાં હાજર રહ્યા હતા.
- કેટલાક સ્થળે પોલીસ દ્વારા ઉમેદવારોને દૂર કરવા લાઠીચાર્જ કર્યો હતો.
- શહેરીજનોને ટ્રાફિકમાં અડચણ ઉભી ના થાય તે માટે ખાસ ટ્રાફિક પોલીસ જવાનો સતત કાર્યરત હતા.
- ઘ માર્ગ ગ અને સિવિલ કેમ્પસમાં પણ ઉમેદવારો અડીંગો જમાવ્યો હતો
- કોંગ્રેસના ગાંધીનગર, પાટણ અને થરાદના ધારાસભ્યોની ઉમેદવારો સાથે અટકાયત કરવામાં આવી હતી.
- મોડીસાંજ સુધી ઉમેદવારો પરિક્ષા રદ કરવાના નિર્ણય સાથે અડગ રહ્યા હતા
- ઘ-૪ થી ગ-૪ તરફના માર્ગ સાંજે બંધ કરવા પડ્યા હતા.
- ઉમેદવારો ચા, પાણી અને નાસ્તા માટે દુર દુર સુધી લાંબા થવુ પડયુ હતું.
- ઘ-૪ સેન્ટ્રલ વિસ્ટ્રા ગાર્ડન ખાતે ઉમેદવારો મોટીસંખ્યામાં એકઠા થયા હતા




## કેટલાક ઉમેદવારોએ કાયદાનો ભંગ કરવાનો પ્રયત્ન કરતા અટકાયત કરાઈ : એસ.પી.

સત્યાગ્રહ છાવણી ખાતે ઉમેદવારો મોટી સંખ્યામાં આવી પહોંચ્યા હતા. પરંતુ કેટલાક ઉમેદવારોને ખબર ન હતી કે, ધરણા, રેલી કે વિરોધ પ્રદર્શનની પરવાનગી મળી હતી. તેમ છતાં આટલી મોટી સંખ્યામાં એકઠા થયેલા ઉમેદવારોને પોલીસે સમજાવતા તેઓ ત્યાંથી જતા રહ્યા હતા. પરંતુ કેટલાક ઉમેદવારોને રસ્તા રોકો, અને રેલી સ્વરૂપે આગળ જવું હતું અને કાયદો હાથમાં લેવો હતો તેવા ઉમેદવારોની અટકાયત કરવામાં આવી હતી તેમ પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.




બિનસચિવાલય ક્લાર્કની પરીક્ષા રદ કરવાના મુદ્દે આજે હજ્જારો ઉમેદવારો સત્યાગ્રહ છાવણી ખાતે ઉમટી પડ્યા હતા. ઉમેદવારોના સમર્થનમાં ગાંધીનગરના ધારાસભ્ય સી. જે. ચાવડા, પાટણના ધારાસભ્ય કિરીટ પટેલ અને થરાદના ધારાસભ્ય ગુલાબસિંહ રાજપૂત આવી પહોંચ્યા હતા.... પોલીસે ઉમેદવારોની સાથે તેઓની પણ અટકાયત કરી એસ.પી. કચેરી ખાતે મોકલી આપ્યા હતા. તેઓએ પણ પોલીસની કામગીરીને દુર્ભાગ્યપૂર્ણ ગણાવી હતી.

## બિન સચિવાલય કલાર્ક વિદ્યાર્થીઓના નિવેદન




- આજનો વિદ્યાર્થી, આવતીકાલનો અધિકારી.
- હવે બોલવાનો નહિ, ન્યાય મેળવવાનો વારો છે.
- અમે આંતકવાદી નથી અમારા સાથે આવો દુર્વ્યહાર શા માટે ?
- આટલો પોલીસ બંદોબસ્ત જો પરીક્ષામાં ગોઠવ્યો હોત તો પરીક્ષામાં ચોરી ન થાત.
- હમારી ભૂલ કમલ કા ફૂલ.
- જો પેપર રદ નહિ તો સરકાર રદ.
- અમે યુવાનો જાગૃત થઈ ગયા છીએ હવે સરકાર પણ જાગૃત થાય.
- નોકરી તો નથી આપતા ન્યાય તો આપો.
- અમને વિદ્યાર્થીઓને સચિવાલયમાં સીટ નથી આપતા પણ પોલીસના ડબ્બામાં આપે છે.
- બળાત્કારીઓ પર દમન નથી કરી શકતા અને અમને કેમ પકડે છે.
- આનંદીબહેનની સરકારમાં કોઈપણ વિવાદ વગર ભરતી કરાઈ હતી, રૂપાણી સરકારમાં આવુ કેમ?
- જમીન આંદોલન સાથે બીજી તરફ ગાંધીનગરમાં હાજર ન રહી શકેલ પરીક્ષાર્થીઓ દ્વારા શોશ્યલ મિડીયા દ્વારા આંદોલન





મોડી રાત સુધી ઉમેદવારોએ પ્રદર્શન જારી રાખ્યું હતું.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com